સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના નવયુગલોને સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં આપવામાં આવતી સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૨૦૧૧/ન.બા.૧૨૫૩(૭૨૭૭૧૬)/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૮/૨/૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૩/૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૨૦૧૧/ન.બા.૧૨૫૩(૭૨૭૭૧૬)/અ

સુધારા ઠરાવઃ-

વંચાણ હેઠળના ક્રમાંક(૧) પર ના વિભાગના તા.૧૩/૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૨૦૧૧/ન.બા.૧૨૫૩(૭૨૭૭૧૬)/અ નો બીજો ફકરો નીચે મુજબ વાંચવો

સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના નવયુગલોને તેમના લગ્નપ્રસંગે આપવામાં આવતી સહાય રૂ.૫,૦૦૦/-ના બદલે રૂ.૧૦,૦૦૦/- કરવાનું તથા સમૂહલગ્નોનું આયોજન કરવા માટે આયોજક સંસ્થાઓને પ્રોત્સાહન મળે તે હેતુ માટે આવા સમૂહલગ્ન યોજનાર સંસ્થાઓને યુગલદીઠ રૂ.૧,૦૦૦/- ના બદલે રૂ.૨,૦૦૦/- લેખે પ્રોત્સાહક રકમ વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદામાં મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે, પરંતુ આવા સમૂહલગ્નોમાં ઓછામાં ઓછા સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના ૧૦ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયેલ હોવા જોઇએ. આ યોજના માટે કન્યાના વાલી ની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૦,૦૦૦/ અને શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭,૦૦૦/ અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નક્કી કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૬૦.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એલ.એમ.જોષી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નકલ રવાનાઃ-

- ❖ માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- ❖ માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- ❖ અગ્રસચિવશ્રી,સા.ન્યા.અને અ.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- ❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- ❖ સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- ❖ તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.).
- ❖ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- ❖ નાણા સલાહકારશ્રી (સા.ન્યા. અને અ.વિ.)સચિવાલય,ગાંધીનગર.
- ❖ સેકશન અધિકારીશ્રી, બજેટ/અ.૧, સા.ન્યા.અને અ.વિ.,સચિવાલય,ગાંધીનગર..
- ❖ સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

X--------X------X